ક્રમાંક : ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧
કમિશનર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: ૩૦/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્ટેમ ક્વિઝ બાબત.
સંદર્ભ : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનો તા.૨૩/૧૨/૨૦૨૧ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ કવીઝના માધ્યમથી રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. આ ક્વિઝ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ છે. જે ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધી ચાલુ રહેશે. સ્પર્ધાની તારીખ અને અન્ય તમામ વિગતો માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

૧. આ કવીઝ જીલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવિઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.
૨. આ ક્વિઝમાં ગુજરાત રાજ્યના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફીઝ રાખવામાં આવેલ નથી.
૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.
૪. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: https://gujcost.co.in/ પરથી કરવાનું રહેશે.

ઉપરોકત ક્વિઝમાં રાજ્યની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા તેમજ યોગ્ય કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

ક્રમાંક : ગપન/પરચ/૨૦૨૧-૨૨/ ૨૧૩
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સહયોગ સંકુલ , બ્લોક – A/૨
સેક્ટર-૧૧ ગાંધીનગર
તારીખ :- ૪/૧ /૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(તમામ)
જિ.ગાંધીનગર

ઉક્ત પત્ર વંચાણે લઈ અમલવારી સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
ગાંધીનગર

Scanned with CamScanner